For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરતમાં વરસાદથી નવા વર્ષના વધામણાં થયા

# દ.ગુ.માં નવા વર્ષની માવઠાંથી શરૂઆત

**મહત્તમ** તાપમાન 2 ડિગ્રી ગગડીને 27.8 ડિગ્રી નોંધાયું, ઉત્તરના પવનોથી 3 તારીખથી ઠંડી પડશે



સુરતમાં વાદળો એવી રીતે ઘેરાયાં હતાં કે સૂર્ય પણ ચંદ્ર જેવો દેખાતો હતો. **(તસવીરઃ હેમંત ડેરે)**

સુરતઃ સુરત શહેરમાં નવા વર્ષના વધામણાં વરસાદે કર્યા હતા. વહેલી સવારથી શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાયું હતું. હજીરાના કાંઠાના ગામો, અડાજણ, પાલ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. આ સાથે જ ઠંડા પવનો ફૂંકાવા લાગ્યા હતા જેથી ખરેખર નવા વર્ષના પહેલા દિવસે આજથી માવઠાની સાથે શિયાળો બેઠો હોય તેવો માહોલ જામ્યો હતો.

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાને પગલે નવા વર્ષના પ્રારંભે જ મૌસમે મિજાજ બદલ્યો છે, જેના કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠું થતાં જનજીવન પ્રભાવિત થયું છે. સુરતના હજીરા સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદી ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. સુરત શહેરમાં આજે ગાઢ ધુમ્મસના લીધે વિઝિબિલિટી ઓછી થઈ હતી. આજે શહેરનું લઘુત્તમ તાપમાન 18.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે જે પાછલા ત્રણ દિવસની સરખામણીએ 3 ડિગ્રી

...અનુસંધાન પાના 5 પર

### નવસારીના મરોલી અને આસપાસના વિસ્તારમાં ઝાપટાએ રસ્તા ભીંજવ્યા

સુરત : ઈસુના નવા વર્ષની સવારે નવસારીમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. નવસારી શહેર ઉપરાંત જિલ્લાના મરોલી તેમજ કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે માવઠાં થયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ભરશિયાળે માવઠાંએ લોકોને અચંબિત કર્યા હતાં અને જનજીવન પર પણ આંશિક અસર જોવા મળી હતી.

### શહેરમાં કોલ્ડવેવ જેવી સ્થિતિ સર્જાઈ શકે

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે શહેરમાં અચાનક વાતાવરણમાં આ પલટો જોવા મળ્યો છે. આગામી 24 કલાક આ વાતાવરમણ રહેશે. અને ત્યારપછી 3 તારીખથી શહેરમાં ઠંડીનો પારો 2 થી 4 ડિગ્રી સુધી ગગડી શકે છે. અને કડકડતી ઠંડીનું આગમન થશે. હવામાન વિભાગ અનુસાર આગામી થોડા દિવસ ઠંડીનું જોર જોવા મળશે. ઉત્તરીય પવનોને લીધે રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થવાની શક્યતા છે. શહેરમાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાઈ શકે છે.

### દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી

ગાંધીનગર : રાજયમાં હજુયે આગામી 24 કલાક માટે માવઠાની સંભાવના રહેલી છે. જયારે રાજયમાં ચાર ડિગ્રી જેટલી ઠંટી વધવાની ચેતવણી પણ હવામાન વિભાગે આપી છે.બીજી તરફ રાજયમાં હજુયે 24 કલાક માટે દક્ષિણ ગુજરાતમાં માવઠાની ચેતવણી હવમાન વિભાગ દ્વારા ઈશ્યુ કરાઈ છે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 12 ડિ.સે. ઠંડી નોંધાવવા પામી છે. હવે 48 કાલક દરમ્યાન 4 ડિગ્રી જેટલો ઠંડીનો પારો નીચે ગગડી જવાનો છે. જેના પગલે નવા વર્ષ 2026ના આરંભે ગુજારતમાં ઠંડી વધવાની છે. હવામાન વિભાગના સુત્રોએ કહયું હતું કે રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 14.8 ડિ.સે.,નલિયામાં 12 ડિ.સે.,કંડલા પોર્ટ પર 16.9 ડિ.સે., અમરેલીમાં 14.3 ડિ.સે., અમરેલીમાં 17.6 ડિ.સે.,ભાવનગરમાં 19.6 ડિ.સે.,રાજકોટમાં 16.3 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 18.0 ડિ.સે.,મહુવામાં 17.5 ડિ.સે., અમદાવાદમાં 18.9 ડિ.સે.,ડીસામાં 16.0 ડિ.સે., ગાંધીનગરમાં 16.5 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 18.8 ડિ.સે.,વડોદરામાં 19.4 ડિ.સે.,અને સુરતમાં 18.6 ડિ.સે. અને દમણમાં 17.8 ડિ.સે., લધુત્તમ તાપમાન

...અનુસંધાન પાના 5 પર

**ડ્રાય સ્ટેટમાં નશો બેફામ:** બે વર્ષમાં 50 હજારથી વધુ પીધેલા પકડાયા!

# થર્ટી ફર્સ્ટે સુરતમાં 535 નશાખોર ઝડપાયા, દારૂ ક્યાંથી આવ્યો?

**કાયદો** કાગળ પર જ કડક છે કે અમલમાં પણ?

સુરતઃ ગુજરાતને “ડ્રાય સ્ટેટ” ગણાવવામાં આવે છે, પરંતુ થર્ટી ફર્સ્ટની રાતે સુરતમાં જે દ્રશ્ય સામે આવ્યું છે તે આ દાવાને ખુલ્લેઆમ પડકારે છે. રાજ્યમાં દારૂબંધીનો કાયદો કડક હોવા છતાં, સુરત શહેwરમાં દારૂ પીને રસ્તા પર ફરતા 535થી વધુ લોકો પોલીસના હાથે ઝડપાયા, જે પોતે જ કાયદાના અમલ પર મોટો સવાલ ઊભો કરે છે. પરંતુ છેલ્લા બે વર્ષના આંકડા મુજબ 50 હજારથી વધુ પીધેલા પકડાયા છે.

...અનુસંધાન પાના 5 પર

### કડક કાયદા છતાં નબળો અમલ

૨૦૧૬માં દારૂબંધીનો કાયદો વધુ કડક બનાવાયો હતો. શરૂઆતમાં ડર હતો, પરંતુ હવે તે ડર ઓસરતો જાય છે. આ પરિસ્થિતિમાં પ્રશ્ન એ છે કે શું દારૂબંધી માત્ર કાગળ પર જ કડક છે?, શું સપ્લાયર સુધી પહોંચવાની હિંમત તંત્રમાં છે?, કે પછી દર વર્ષે હજારો નશાખોર પકડાય અને વ્યવસ્થા સંતોષ માને?

**થર્ટી ફર્સ્ટના પોલીસ મથકવાર આંકડા**

| | |
|---|---|
| પાંડેસરાઃ | ૮૭ |
| સચિનઃ | ૬૪ |
| સચિન GIDC: | ૨૫ |
| ખટોદરાઃ | ૩૪ |
| ભેસ્તાનઃ | ૨૪ |
| અઠવાલાઇન્સઃ | ૧૨ |
| રાંદેરઃ | ૧૫ |
| અન્ય મથકોઃ | મોટી સંખ્યામાં |




**ઉમંગ, ઉત્સાહ, જોમ અને જુસ્સા સાથે**

# નવા વર્ષ-2026નું જુસ્સાભેર ભવ્ય સ્વાગત કરતા સુરતીઓ

**પાર્ટી** પ્લોટ્સ, ક્લબ્સ, હોટેલ્સમાં ડીજેની ધૂમ, પીપલોદથી વાય જંક્શન-પાલ ગૌરવ પથ પર ઉજવણીનો મહાસાગર; સવારે 3 વાગ્યા સુધી માર્ગો જામ

સુરતઃ વર્ષ-2025ને વિદાય આપી અને નવા વર્ષ-2026ના સ્વાગત માટે સુરત શહેરમાં ઉમંગ, ઉત્સાહ, જોમ અને જુસ્સાનો અદભૂત નજારો સર્જાયો હતો. 31 ડિસેમ્બરની મધરાતે સુરતીઓ નવા વર્ષનાં વધામણાં માટે શહેરના વિવિધ વિસ્તારોમાં ઉજવણી માટે ઊમટી પડ્યા હતા. પાર્ટી પ્લોટ્સ, ક્લબ્સ, ફાર્મ હાઉસ તેમજ હોટેલ્સમાં યોજાયેલી ન્યૂ યર પાર્ટીઓમાં ડીજેના તાલે યુવાનો ઝૂમ્યા હતા.

શહેરના અનેક પ્રીમિયમ પાર્ટી પ્લોટ્સ અને હોટેલ્સમાં ખાસ ન્યૂ

...અનુસંધાન પાના 5 પર

### ખારવા મહોલ્લામાંથી નશાની હાલતમાં સ્વિમિંગ કોચ ઝડપાયા

સુરતઃ અઠવા પોલીસે નશાની હાલતમાં ચાર લોકોને ઝડપી પાડ્યા હતાં જે પૈકી બે સ્વિમિંગ કોચ હોવાનું બહાર આવ્યું છે. મંગળવારે રાત્રે અઠવાલાઇન્સ પોલીસે નાનપુરા ખારવા મહોલ્લામાંથી ચાર લોકોને રાઉન્ડઅપ કર્યા હતાં. તેમની

...અનુસંધાન પાના 5 પર

### 31મી ડિસેમ્બરના કિસ્સા

**સુરતઃ શહેરમાં 31મી ડિસેમ્બરની રાત્રિએ યુવાનોમા પોલીસનો હાઉ તો હતો જ, પરિવારજનોમાં પણ પોલીસનો ભારે ડર જોવા મળ્યો હતો. દરમિયાન કેટલાંક સ્થળોએ જે હાસ્યાસ્પદ ઘટનાઓ બની હતી.**



- પાલ ખાતે ઓપન ફૂડ સ્ટોલો આવ્યા છે. જ્યાં પોલીસની જીપો જોઇ પરિવારજનોમાં ભાગમભાગ થઇ હતી. પોલીસ પાનના ગલ્લા બંધ કરાવી રહી હતી, પરંતુ પરિવારજનો કાર અને ટુ વ્હીલ મૂકીને ભાગ્યાં હતાં.
- ભેસ્તાનમાં એવું કહેવાય છે કે સાઇકલ પર પરિવાર તેના બાળક સાથે જઇ રહ્યું હતું, ત્યારે શ્રમિક પીધેલો હતો. પરંતુ તેની પત્નીએ રડારોડ કરતાં શ્રમિકને પોલીસે આખરે છોડી મૂક્યો હતો.
- વાય જંક્શન પાસે પોલીસની તોતિંગ ફોજ હતી, ત્યારે યુવાનો ગલીઓમાંથી અંદરના રસ્તે ગાડીઓ લઇ જતાં આ વિસ્તારના આંતરિક રસ્તા પર ચક્કાજામ સર્જાયો હતો.
- ડુમસમાં કાર અને ટુ વ્હીલ દોઢ કિલોમીટર દૂરથી અટકાવાયાં હતાં. કેમ કે, ટ્રાફિક અઘધ થઇ ગયો હતો.
- વરાછા વિસ્તાર અને સરથાણા વિસ્તારમાં પોલીસે વહેલી દુકાનો બંધ કરાવી હોવાની વિગતો જાણવા મળી છે.
- સચિન-ઉભરાટ રોડ પર પોલીસો સૌથી વધારે પીધેલા પકડ્યા હતા.

**વેસુ, વીઆઈપી રોડ પર સફાયર કોર્ટ રેસિડેન્સી એપાર્ટમેન્ટમાં**

# શોર્ટસર્કિટથી લાગેલી આગમાં 2 કરોડનો ફ્લેટ ખાખ થઈ ગયો

**એપાર્ટ**.માં ફ્લેટ નં.202માં માધવજી લખોટીયાનો પરિવાર ભાડેથી રહેતો હતો

**આગ** લાગી ત્યારે ફ્લેટમાં તેમનો કૂક રણજીત, કૂકનો હેલ્પર અને સફાઈ કામદાર હાજર હતા

**ફાયરે** ત્રણ કલાકે આગને કાબૂમાં લીધી પણ ફ્લેટ સંપૂર્ણપણે બળી ગયો



સુરત : એક તરફ રાત્રે શહેર થર્ટી ફર્સ્ટની નાઇટ ઉજવવામાં મસ્ત હતું ત્યારે વેસુ વીઆઈપી રોડ પર સફાયર કોર્ટ રેસિડેન્સીમાં એક લક્ઝુરિયસ ફ્લેટમાં મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. અઢી કલાક ચાલેલી આગમાં બે કરોડના ફ્લેટનું ફર્નિચર અને તમામ ચીજ વસ્તુઓ બળીને ખાખ થઇ ગઈ હતી. આગ લાગી ત્યારે ફ્લેટમાં ભાડે રહેતો પરિવાર ઉજવણી માટે બહારગામ ગયો હતો અને ફ્લેટમાં કૂકની સાથે ત્રણ નોકરો જ હતા. આગમાં સદ્દભાગ્યે કોઈ જાનહાનિ થવા પામી નથી.

વેસુમાં વીઆઈપી રોડ પર સફાયર કોર્ટ રેસિડેન્સીના બીજા માળે આવેલા એ 202 નંબરના આલીશાન 5 બીએચકે ફ્લેટ

...અનુસંધાન પાના 5 પર

### આગને કાબૂમાં કરવા માટે પાંચ ફાયર સ્ટેશનની ગાડીઓ પહોંચી હતી, ત્રણ કલાકે આગ સંપૂર્ણ કાબૂમાં આવી હતી

ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે, બુધવારે રાત્રે 10-47 કલાકે જાણ થતાં શહેરના અલગ-અલગ પાંચ ફાયર સ્ટેશનની 10 ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફ્લેટ મોટો હોવાથી અને અંદર ફર્નિચરના કારણે અસહ્ય ધુમાડો થયો હતો. ફાયરના જવાનોએ

...અનુસંધાન પાના 5 પર

### માલિકનો પરિવાર બહારગામ ગયો હતો અને અમે ત્રણ જ ફ્લેટમાં હતા: રણજીત, (ફર્સ્ટ પર્સન)

જે ફ્લેટમાં આગ લાગી તેમાં કૂક તરીકે કામ કરતાં રણજીતે જણાવ્યું હતું કે, ગઈકાલે અમારા માલિક માધવજી લખોટીયા પરિવાર સાથે 31 ફર્સ્ટની ઉજવણી માટે બહાર ગયા હતા. હું લખોટીયા પરિવાર માટે રસોઈ બનાવું છું. આગ લાગી ત્યારે મારી સાથે મારો હેલ્પર અને એક સફાઈ કામદાર જ હાજર

...અનુસંધાન પાના 5 પર

### ફાયરની સમય સૂચકતાને કારણે આસપાસના ફ્લેટ બચી ગયા

આ ભીષણ આગમાં 2 કરોડથી વધુની કિંમતના આ લક્ઝુરિયસ ફ્લેટમાં રહેલું તમામ રાચરચીલું બળીને રાખ થઇ ગયું છે. જેમાં એસી, મોંઘું ફર્નિચર અને ઈલેક્ટ્રિક વાયરિંગનો સમાવેશ થાય છે. જોકે, ફાયર વિભાગની સતર્કતાને કારણે આગ ઉપર કે નીચેના ફ્લેટમાં પ્રસરી શકી નહોતી, જેથી અન્ય રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરિવાર ઘરે હાજર ન હોવાથી મોટી હોનારત ટળી છે, પરંતુ આગને કારણે ફ્લેટમાં લાખો-કરોડોનું નુકસાન થયું છે.

# જંબુસરમાં રખડતા શ્વાનના હુમલામાં 12 બાળક ઘાયલ





**કસ્બા** સ્ટ્રીટ અને કુંભારવાડમાં શ્વાનનો આતંક, બાળકોના પગ-ગાલ પર ગંભીર ઈજા

ભરૂચઃ જંબુસર શહેરમાં રખડતા શ્વાનના વધતા આતંકે તંત્રની નિષ્ક્રિયતા અને બેદરકારીને ફરી એકવાર ઉજાગર કરી છે. જંબુસરના કસબા સ્ટ્રીટ અને કુંભારવાડ વિસ્તારમાં ગુરુવારે રખડતા શ્વાને બાળકો પર હુમલા શરૂ કરતાં 12થી વધુ બાળકો ઘાયલ થયા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. શ્વાનના હુમલામાં બાળકોને પગ અને ગાલ પર ગંભીર ઈજા પહોંચી છે. જેના કારણે ઘાયલ બાળકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને આક્રોશનો માહોલ છવાઈ

...અનુસંધાન પાના 5 પર

# લિંબાયતમાં મહિલાની આંગળી કાપી નંખાઈ

**મીઠી ખાડી** ઇસ્લામી ચોકમાં ચાર શખ્સની દાદાગીરી, પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી

સુરતઃ લિંબાયત મીઠીખાડી ઈસ્લામી ચોક ખાતે મધરાતે ચાર શખ્સે એક મહિલાના ઘરે ઘૂસી તિક્ષ્ણ હથિયારથી હુમલો કરતાં મહિલાની હાથની પહેલી આંગળી કપાઈ ગઈ હતી. ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે.

લિંબાયત મીઠીખાડી ઈસ્લામી ચોક વિસ્તારમાં રહેતી 33 વર્ષીય ભારતીબેન સિદ્ધાર્થ અશોકભાઈ ઈંગળે પરિવાર સાથે વસવાટ કરે છે. મૂળ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના વતની ભારતીબેન તા. 31/12/2025ના રોજ રાતે લગભગ 1 વાગ્યાના અરસામાં પરિવાર સાથે ઘરમાં નિંદ્રાધીન હતા. તે દરમિયાન અચાનક કેટલાક શખ્સોએ તેમના ઘરનો દરવાજો જોરજોરથી ખખડાવવાનું શરૂ કર્યું.દરવાજો ખોલતા જ રોહીત ઉર્ફે ચારલાખ સોનવણે, સાહીલ ઉર્ફે ખુશનુર શેખ તથા તેમના સાથે આવેલા બે અજાણ્યા શખ્સ ઘરની બહાર ઊભા હતા. ભારતીબેને કારણ પૂછતા જ ચારેય આરોપીઓ ઉશ્કેરાયા અને ગંદી ગાળો આપવાનું શરૂ કર્યું. આ દરમિયાન સાહીલ ઉર્ફે ખુશનુર શેખે ભારતીબેનને પાછળથી પકડી રાખી, જ્યારે બાકીના શખ્સોએ ઢીકમુક્કીનો માર માર્યો હતો. હિંસા વધતા રોહીત ઉર્ફે ચારલાખ અચાનક ઉશ્કેરાઈ ગયો અને તેની પાસે રહેલા ચપ્પુ જેવા તિક્ષ્ણ હથિયારથી ભારતીબેનના જમણા હાથ પર ઘા ઝીંક્યો હતો.

...અનુસંધાન પાના 5 પર

### વરાછામાં ભારેખમ તિજોરી પડતાં રત્નકલાકારનું મોત

સુરતઃ વરાછા વિસ્તારમાં હીરા કારખાનામાં કામ દરમિયાન જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓના અભાવને કારણે એક યુવાન રત્નકલાકારનું મોત થયું છે. તિજોરી ઉતારતી વેળાએ પટ્ટો છટક્યો અને તિજોરી નીચે દબાયેલા રત્નકલાકારનું મોત થયું હતું.

સ્મીમેર હોસ્પિટલમાંથી મળેલી માહિતી મુજબ મૂળ રાજસ્થાનના અને હાલ વરાછા રોડની ભગુનગર સોસાયટીમાં રહેતા ૨૪ વર્ષીય પ્રેમનાથ ઉદયનાથ યોગી ઘર નજીક આવેલા ચંદ્રીકા બિલ્ડિંગમાં સ્થિત હીરાના કારખાનામાં કામ કરતા હતા. ગુરુવારે સવારે કારખાનામાં પ્રથમ માળેથી હીરા મુકવાની ભારે તિજોરી નીચે ઉતારવાની પ્રક્રિયા ચાલી રહી હતી. આ દરમિયાન તિજોરી

...અનુસંધાન પાના 5 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

તમારા મધુર સ્મરણો અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહ તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સ્વ. રાજેશભાઈ મોહનભાઈ માળી**
જન્મ તા.: ૨૫-૦૪-૧૯૭૫
સ્વ.તા.: ૦૨-૦૧-૨૦૨૧

લિ. ARTHAM Finserve Pvt Ltd





**સ્વ. ઉષાબેન** જગજીવનભાઈ પટેલ
સ્વ.તા.૦૨-૦૧-૨૦૨૫

ૐ નમઃ શિવાય

**પ્રથમ પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**

નિત્ય અમારા મનમાં, નિરંતર અમારા હૃદયમાં ભૂલી ન શકાય તેવી યાદો ના સ્મરણો છોડી ગયા. સ્ર્વસ્વથી અધિક આપી સહજ રીતે સરી ગયા. તમારૂ નિર્દોષ નિખાલસ જીવન અમોને સદેવ યાદ રહેશે. પ્રભુ તમારાં નિર્મળ આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

લિ.

જગજીવનભાઈ ઉર્ફે જગદીશભાઈ રતનજી પટેલ (પતિ)

જિજ્ઞેષકુમાર જગજીવનભાઈ પટેલ (પુત્ર) | પારૂલબેન જીજ્ઞેષકુમાર પટેલ (પુત્રવધુ)
હિમાંશુ જગજીવનભાઈ પટેલ (પુત્ર) | પ્રજ્ઞાબેન હિમાંશુ પટેલ (પુત્રવધુ)
હર્ષિલ જિજ્ઞેષકુમાર પટેલ (પૌત્ર) | વિશ્વમ જિજ્ઞેશકુમાર પટેલ (પૌત્ર)
મેશ્વા હિમાંશુ પટેલ (પૌત્રી) | કાવ્ય હિમાંશુ પટેલ (પૌત્ર)

ૐ નમઃ શિવાય



**॥ શ્રદ્ધાંજલી ॥**



**આરીફ દાદા**

આરીફ દાદા દરેક સમાજ માટે જીવતા મહાન સેવાભાવી વ્યકિતત્વ હતા. તેમણે પોતાના જીવન દરમ્યાન ધર્મ, જાતિ કે ભેદભાવ વગર માનવસેવાને સર્વોપરી માની. ખાસ કરીને શિક્ષણ માટે સ્કૂલ તથા કન્યા કોલેજ બનાવી તેમણે અનેક દીકરીઓના ભવિષ્યને નવી દિશા આપી. શિક્ષણ વિના વિકાસ શક્ય નથી, આ વિચારને તેમણે કાર્યરૂપે સાબિત કર્યો.

માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ નાના અને મધ્યમ પરિવાર ના લોકો માટે હોસ્પિટલ બનાવી, દરેક ને સસ્તા દરે ઉત્તમ સારવાર સરળતાથી મળે એ માટે તેમણે ભગીરથ પ્રયત્નો કર્યા. ગરીબ માણસ સારવારના અભાવે પીડાય નહીં, એ તેમની સૌથી મોટી ચિંતા રહી.

સમાજના નબળા વર્ગ માટે રહેઠાણના મકાનો બનાવી નફા વગરના ધોરણે લોકોને અર્પણ કર્યા. દરેક વર્ગના ઉધ્ધાર માટે તેમનું કાર્ય નિ:સ્વાર્થ અને સમર્પણભાવથી ભરેલું હતું. આરીફ દાદાનું જીવન આપણને સેવા, કરૂણા અને માનવતાનો સાચો પાઠ શીખવે છે.

એવો મહાન સમાજસેવક ભલે આજે આપણી સાથે રૂબરૂ નથી પરંતુ તેઓએ રોપેલા બીજ અને ઉગાડેલા ઝાડો થી ફળ સ્વરૂપે તેઓ હંમેશા આપણી વચ્ચે બનેલા રહેશે.

**આગમ ગ્રુપ પરિવાર**
AAGAM GROUP
પુજા અભિષેક, અઠવાલાઈન્સ, સુરત